48

(૫૮૨) ય/૮ 88

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
**ગાં ધી ન ગ ર.**

================================

**<u>પરિપત્ર</u> :**

**ક્રમાંક : મુ.ઈ.(યાં.)/૧૦૯૮/એન.જી.ઓ/એમ-૩/૭૬/ ૩૬/સને-'૯૯**

**તા. ૭-૧-'૯૯**

---

**વિષય : હેન્ડપંપ માટેનું ડ્રીલીંગ, પંપ બેસાડવા અને હેન્ડપંપ નિભાવણી કરવાની કામગીરી ગ્રામ પંચાયત, ગ્રામ પાણી સમિતિ / બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાને આપવા બાબત ...**

---

વિધાનસભાના ચાલુ સત્ર દરમ્યાન હેન્ડપંપ માટેના બોરની ડ્રીલીંગ કામગીરી, હેન્ડપંપ બેસાડવા અને મરામત કરવાની કામગીરીમાં વિલંબ થવા અંગે ઘણાં તારાંકિત પ્રશ્નો થયેલા. આના નિવારણ માટે, જુદા જુદા સુચનો થયેલા કે જો હેન્ડપંપ માટેના બોરના ડ્રીલીંગ, હેન્ડપંપ બેસાડવાં અને મરામત કરવા અંગેની કામગીરી ગ્રામ પંચાયત / ગ્રામ પાણી સમિતિ / સરકારી કે રજીસ્ટર્ડ થયેલ બિન-સરકારી સ્વૈચ્છિક સંસ્થાને આપવામાં આવે તો કામગીરીનો વિલંબ નિવારી શકાય અને ફરિયાદો ઘટાડી શકાય.

ઉપરોક્ત સુચન અન્વયે પુખ્ત વિચારણાના અંતે નીચેની શરતોએ આવી કામગીરી આપવાનું બોર્ડે તા. ૩-૧૨-'૯૮ ના રોજની નિયામક મંડળની બેઠકમાં નકકી કરેલ છે.

(૧) કામગીરીમાં હેન્ડપંપ આધારિત પાણી પુરવઠા યોજનામાં હેન્ડપંપ માટેના ૧૧૫ મી.મી. વ્યાસ સુધીના બોરના ડ્રીલીંગ, સફળ થયેલ બોર પર ખાતા દ્વારા નિર્ધારિત હેન્ડપંપ બેસાડવાના અને અથવા હેન્ડપંપને દુરસ્ત કરવાનો સમાવેશ થાય છે.

..૨

(૨) હેન્ડપંપ માટેના બોરની ડ્રીલીંગની કામગીરી, હેન્ડપંપ બેસાડવાની અને દુરસ્તી કરવાની કામગીરી જે તે સબંધિત (૧) ગ્રામ પંચાયત (૨) નિયમો મુજબ રચાયેલી ગ્રામ પાણી સમિતિ (૩) સહકારી મંડળીઓની નોંધણીના જિલ્લા રજીસ્ટ્રાર/ જિલ્લા ચેરીટી કમિશ્નરની કચેરીમાં નોંધાયેલ બિન-સરકારી સ્વૈચ્છિક સંસ્થાને આપી શકાશે, જેમનો ઉલ્લેખ હવે પછી સ્વૈચ્છિક સંસ્થા તરીકે કરવામાં આવશે.

(૩) જે તે સ્વૈચ્છિક સંસ્થા ઓછામાં ઓછા પાંચ વર્ષથી ઉપર પેરા-૨ (૩) મુજબ નોંધાયેલી હોવી જોઈએ.

(૪) સ્વૈચ્છિક સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષમાં આવી કરેલ કામગીરીની વિગતો આપવાની રહેશે તેમજ સદરહું કામગીરી માટે જરૂરી તાંત્રિક સ્ટાફને રાખવાના રહેશે.

(૫) હેન્ડપંપ દુરસ્તીની કામગીરી એક વર્ષ માટે લેવાની રહેશે.

(૬) જે કામો કરવાના થાય તેની ગામવાર/સ્થળવાર યાદી બનાવી તેના ભાવસૂચિ આધારિત અંદાજો બનાવી તાંત્રિક ચકાસણી કરી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ના સક્ષમ અધિકારીએ જરૂરી વહીવટી / તાંત્રિક મંજુરી આપવાની રહેશે.

(૭) વસ્તીના ધોરણે કરવાના થતાં હેન્ડપંપની સંખ્યા, ગામના હયાત હેન્ડપંપની સંખ્યાના આધારે નાયબ કાર્યપાલક ઈજનેર (યાંત્રિક) નક્કી કરશે.

(૮) હેન્ડપંપ માટેના બોરની સાઈટ ગ્રામ પંચાયત / પાણી સમિતિ નક્કી કરશે અને કામગીરી કરનાર સરકારી / બિન-સરકારી સંસ્થા હોય તો સાઈટ ગ્રામ પંચાયત /

..૩

પાણી સમિતિ પાસેથી સબંધિત યાંત્રિક નાયબ કાર્યપાલક ઈજનેરના પરામર્શમાં મેળવવાની રહેશે.

(૯) બોરના ડ્રીલીંગ અને હેન્ડપંપ બેસાડવા માટેનું જરૂરી મટીરીયલ જેવું કે, કેસીંગ પાઈપ, હેન્ડપંપ અને તેના પાઈપો વિગેરે ખાતાએ તેમના સ્ટોરમાંથી સ્વૈચ્છિક સંસ્થાને પુરા પાડવાના રહેશે, જેની બોર્ડ દ્વારા નિર્ધારિત કિંમત જેટલી ગેરંટી/ઈન્ડેમીનીટી બોંડ સ્વૈચ્છિક સંસ્થાએ આપવાના રહેશે.

(૧૦) બોરની ઉંડાઈ, કેસીંગ પાઈપની લંબાઈ, હેન્ડપંપની રાઈઝીંગ પાઈપ વિગેરે બાબતોના માપ ગ્રામ સભા/ પાણી પંચાયતના બે થી ત્રણ સભ્યોએ લખવાના રહેશે.

(૧૧) બોરની ઉંડાઈ, હેન્ડપંપ માટેના પાઈપો (રાઈઝીંગ) ની સંખ્યા અને લંબાઈ જેવા તાંત્રિક નિર્ણયો માટે સબંધિત યાંત્રિક નાયબ કાર્યપાલક ઈજનેરની સત્તા આખરી રહેશે.

(૧૨) ડ્રીલીંગ, હેન્ડપંપ બેસાડવાના અને દુરસ્તી કરવાના ભાવો જે તે જિલ્લા / તાલુકા માટેના એસ.ઓ.આર. અથવા મંજુર થયેલા યુનિટ રેઈટ એ બેમાંથી જે ઓછા હોય તે ભાવે ચુકવણું કરવાનું રહેશે.

(૧૩) કામગીરીનું ચુકવણું નિયમિત થાય તે માટે કામગીરીની ૫૦ ટકા રકમનો જોઈન્ટ એકાઉન્ટ નાયબ કાર્યપાલક તથા સંસ્થાને નામે ખોલવાનો રહેશે.

(૧૪) યોજના માટે ટેકનીકલ ગાઈડ લાઈન્સ પેટા વિભાગના મીકેનીકલ સુપરવાઈઝર (અ.મ.ઈ.) / ટેકનીકલ આસીસ્ટંટ / મદદનીશ ઈજનેર દ્વારા આપવાની રહેશે.

..૪

(૧૫) હેન્ડપંપ બેસાડવા માટેની ટુલ કીટ બોર્ડે સ્વૈચ્છિક સંસ્થાને આપવાની રહેશે, જે કામ પુર્ણ થયે પરત લેવાની રહેશે.

(૧૬) હેન્ડપંપ દુરસ્તી માટેના સ્પેરપાર્ટસ સ્વૈચ્છિક સંસ્થાએ બોર્ડ પાસેથી લેવાના / રહેશે, અને કિંમત તેમને આપવામાં આવનાર / આવેલી પેશગી સામે સરભર કરવાની રહેશે.

(૧૭) બોરની ડ્રીલીંગની અને હેન્ડપંપ બેસાડવાની કામગીરી પુર્ણ થયેથી બંને તબક્કે ખરેખર થયેલ કામગીરીના કુલ ખર્ચના ૯૦ ટકા જેટલું ચુકવણું અગાઉ આપેલ પેશગી સામે સરભર કરી આપવાનું રહેશે અને ૧૦ % રકમ ડીપોઝીટમાં રાખવાની રહેશે.

(૧૮) બોર ડ્રીલીંગ અને તે પર બેસાડવાના હેન્ડપંપની કામગીરી માટેનું કમ્પ્લીશન સર્ટીફીકેટ જે તે ગ્રામ પંચાયત પાસેથી કામ કરનાર સ્વૈચ્છિક સંસ્થાએ મેળવી લેવાનું રહેશે.

(૧૯) કામગીરી પુર્ણ થયેથી ટુલ કીટ / વધેલો માલ સામાન સ્પેર્સ વિગેરે સબંધિત પેટા વિભાગમાં જમા કરાવી સ્વૈચ્છિક સંસ્થાએ " **નો-ડયુ સર્ટીફીકેટ** " મેળવવાનું રહેશે. No Due Certificate

(૨૦). કાર કરનાર સ્વૈચ્છિક સંસ્થાની ૧૦ ટકા ડીપોઝીટ ઉપરોક્ત મુદ્દા-૧૮ અને ૧૯ માં વર્ણવેલ ક્રમશઃ કમ્પલીશન સર્ટીફીકેટ અને ' નો-ડયુ સર્ટીફીકેટ ' મળ્યેથી બોર્ડે ચુકવી આપવાની રહેશે. હેન્ડપંપ દુરસ્તી માટે સ્વૈચ્છિક સંસ્થાએ ઉપાડેલ ચાર્જેબલ સ્પેર્સની કિંમતની વસુલી બાકી ન રહે તેનું ૧૦ ટકા ડીપોઝીટની ચુકવણી વખતે બોર્ડની ચુકવણું કરનાર

..૫

કચેરીએ ખાતરી કરી લેવાની રહેશે.

(૨૧) એન.જી.ઓ. / ગ્રામ સમિતિને તેઓએ કરેલ કામગીરી પેટે બોર્ડને મળતા ઈ.ટી.પી. ચાર્જમાંથી ૫ ટકા (પાંચ ટકા) રકમ આપવાના રહેશે.

(એસ. એમ. ઝવેરી)
મુખ્ય ઈજનેર (યાંત્રિક).

નકલ રવાના :-

૧. નાયબ સચિવશ્રી (યાંત્રિક) નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨. મા.અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.

૩. સભ્ય સચિવશ્રીના કાર્યકારી મદદનીશશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.

૪. મુખ્ય ઈજનેરશ્રી (મોને./પ્લાનીંગ) બોર્ડ કચેરી, ગાંધીનગર.

૫. મુખ્ય ઈજનેરશ્રી (ઝોન-૧,૨,૩) વડોદરા, અમદાવાદ, રાજકોટ.

૬. અધિક્ષક ઈજનેરશ્રી (યાંત્રિક) (સર્વે)

૭. અધિક્ષક ઈજનેરશ્રી (સિવિલ) (સર્વે)

૮. કાર્યપાલક ઈજનેરશ્રી (યાંત્રિક) (સર્વે)

૯. કાર્યપાલક ઈજનેરશ્રી (સિવિલ) (સર્વે)